# હવે, ગાંધીનગરના ગીફ્ટસીટીમાં દેશના સોનાના ભાવ નક્કી થશે

## ગિફ્ટસિટીમાં જુલાઈથી ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ શરૂ કરાશે : સોનાના વેપાર, ભાવ અને ગુણવત્તા માટે પાયારૂપ બનશે શહેરનું ગિફ્ટસિટી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં દેશભરના સોનાના ભાવ હવે નક્કી કરવામાં આવશે. અત્યાર સુધી સોનાના ભાવ ભારતની બહારથી નક્કી કરવામાં આવતા હતા. ગાંધીનગર ખાતે આવેલી ગીફટસિટી દ્વારા સમગ્ર દેશના સોનાના ભાવ નક્કી કરવામાં આવશે. ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (Ifsc) ખાતે દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ સ્થપાઈ રહ્યું છે. અને તેનું કામકાજ આગામી જુલાઈ સુધીમાં શરૂ થવાની સંભાવના છે. આથી દુબઈથી ભારતમાં ગોલ્ડ ટ્રેડિંગનો એક મોટો હિસ્સો ગાંધીનગરમાં ગિફટસિટીમાં ફંટાઈ જશે. આ એક્સચેન્જ ગયા વર્ષે શરૂ થવાનું હતુ પરંતુ કોરોના સંક્રમણ અને વાયબ્રન્ટ સમિટની તૈયારી તથા ભારતીય રિઝર્વ બેન્કના દિશા નિર્દેશો નહીં મળતા એક વર્ષનો વિલંબ થયો છે.



સોનાના ભાવમાં રહેલી વિસંગતતા, જ્વેલરી ઉદ્યોગમાં પારદર્શિતાનો અભાવ અને સોનાની ગુણવત્તા સહિતના અનેક પ્રશ્નોના નિરાકરણ સહિતના અનેક પ્રશ્નોના નિરાકરણ માટે ભારત સરકારે નવી ગોલ્ડ પોલિસી બનાવી છે. આનો અર્થ એ થાય કે દેશમાં અત્યારે સોનાના ભાવ નક્કી કરવા માટે કોઈ નક્કર પદ્ધતિ નથી અને એટલે જ દરેક શહેરમાં ભાવ અલગ અલગ હોય છે અને તેમાં પણ બે શહેરો કે રાજ્યોના ભાવ વચ્ચે મોટો તફાવત રહે છે. ગોલ્ડ એક્સચેન્જ નિર્માણ થવાથી સોનાના ભાવમાં સમાનતા આવશે. બજારમાં પ્રાઈસ મિકેનિઝમ આવશે અને તેનો સીધો જ લાભ ગ્રાહકોને મળશે.

### બુલિયન ક્લિયરિંગ ઓપરેશન થશે

ગિફ્ટસિટીના એમડી તપન રે ના જણાવ્યા મુજબ સોનાનો સૌથી મોટો ગ્રાહક હોવા છતાં ભારતનો સોનાના વૈશ્વિક ભાવ નિર્ધારણમાં કોઈ યોગદાન નથી. અમે વૈશ્વિક બજારમાં પર્ચેસિંગ પાવરનો લાભ ઉઠાવવામાં સક્ષમ નથી. ભારત દર વર્ષે લગભગ ૮૦૦ થી ૯૦૦ ટન સોનાની આયાત કરે છે. Ifsc માં પણ બુલિયન ક્લિયરિંગ ઓપરેશન થશે જે બેન્કો સોનાની આયાત કરે છે તેઓની પણ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જમાં હાજરી રહેશે.

### વિશ્વમાં પાંચ બુલિયન એક્સચેન્જ છે

વિશ્વમાં ન્યૂયોર્ક, શિકાગો, લંડન, દુબઈ ગોલ્ડ એક્સચેન્જ અને સાંધાઈમાં સ્પોટ બુલિયન એક્સચેન્જ છે. હવે નવું સ્પોટ એક્સચેન્જ ગાંધીનગરમાં ગિફ્ટિસિટીમાં આવી રહ્યું છે. ભારતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ લાઈવ થવાનું છે. ગિફટસિટીમાં આ એક્સચેન્જ વૈશ્વિક બુલિયન વ્યાપારનો મોટો હિસ્સો આકર્ષે તેવી અપેક્ષા છે.

### સોનાનો એક મોટો જથ્થો બજારમાં આવશે

ઉલ્લેખનીય છે કે ભારત દુનિયામાં ચીન બાદ સોનાનો સૌથી મોટો આયાતકાર અને વપરાશકાર દેશ છે. ગિફટસિટીના એમડી તપન રે એ જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જની સ્થાપના થવાથી ભારતીય પરિવારો પાસે રહેલા સોનાનો એક મોટો જથ્થો બજારમાં આવી શકે છે. તે ઉપરાંત વેચાણકર્તાઓને કિંમતી ધાતુ માટે યોગ્ય અને પારદર્શી મૂલ્ય મળી શકશે.

# આજે ધો.૧૦ના શહેર-જિલ્લાના ૨૬૯૯૨ વિદ્યાર્થીઓનું પરિણામ

## ધો -૧૦ ના પરિણામની જાહેરાત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઇન્તેજારીનો અંત : પરિણામના અંતે નગરની શાળાઓમાં પ્રવેશ કાર્યવાહીનો ધમધમાટ શરૂ થશે

ગાંધીનગર તા ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવશે. ધો -૧૦ ના પરિણામ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં લાંબા સમયથી ઉત્સુકતા જોવા મળે છે. જયારે બોર્ડ કક્ષાએથી પરિણામની તારીખ જાહેર કરતા પરિણામલક્ષી ઈન્તેજારીનો અંત આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૬૯૯૨ વિદ્યાર્થીઓએ ધો -૧૦ની પરીક્ષા આપી હતી. આજે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરાશે જયારે પરિણામના અંતે નગરની શાળાઓમાં પ્રવેશ કાર્યવાહીનો પણ ધમધમાટ વધશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરવામાં આવશે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ધો -૧૦ ના પરિણામની લાંબા સમયથી વાટ જોતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો આખરે અંત આવશે અગાઉ બોર્ડ કક્ષાએથી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ જયારે વિજ્ઞાન પ્રવાહ બાદ ગઈકાલે ધો -૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની પણ જાહેરાત કરી દેવાતા હવે ધો -૧૦ નુ પરિણામ પણ તા ૬ જુનના રોજ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૬૯૯૨ વિદ્યાર્થીઓએ ધો -૧૦ની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે માટે દરેક વર્ગખંડમાં સી સી કેમેરાની પણ વોચ રાખવામાં આવી હતી જયારે ધો -૧૦ માં પણ મોટાભાગના પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો.

જયારે પરીક્ષા દરમિયાન જિલ્લામાં એકાદ કોપી કેસ સિવાય અન્ય કોઈ ગેરરીતીના કેસ નોંધાયા ન હતા. ધો -૧૦ ના પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજના પ્રબળ બની છે. જયારે ગત સપ્તાહમાં રોજબરોજ વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પરિણામ કયારે જાહેર થવાનુ છે તે અંગે શાળાઓમાં પુછતાછ થતા આખરે બોર્ડ દ્વારા તુરંત જ પરિણામની તારીખ જાહેર કરી દેવામાં આવી હતી. કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે ગત માર્ચ મહીનામાં બે વર્ષના અંતે બોર્ડની પરીક્ષા લેવામાં આવતા પરીક્ષાના અંતે પરિણામ સંદર્ભે વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્તેજના વધી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા તબક્કાવાર વિજ્ઞાન પ્રવાહ અને સામન્ય પ્રવાહના પરિણામ બાદ આખરે ધો -૧૦નુ પરિણામ પણ જાહેર કરી દેવામાં આવશે જેથી આગામી દિવસોમાં નગરની શાળાઓમાં પ્રવેશ કાર્યવાહીનો ધમધમાટ પણ વધશે ધો -૧૦ ના પરિણામના અંતે વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક કારકીર્દી માટે આગળની ફેકલ્ટી પસંદ કરતા હોય છે. જેથી પ્રવેશ કાર્યવાહીને અનુલક્ષીને પણ વિશેષ ધમધમાટ જોવા મળે છે.

# આજે કુડાસણ ખાતે ભાજપનું કાર્યકર્તા સંમેલન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે ભાજપ દ્વારા કાર્યકર્તાનું સંમેલન યોજાશે.

શહેર ભાજપની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ વડાપ્રધાન મોદીના શાસનને ૮ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણીના ભાગરૂપે આ કાર્યકર્તા સંમેલન જિલ્લા-શહેરનું યોજાઈ રહ્યું છે.

આ સંમેલનને કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા સંબોધશે. સાંજે ૬.૪૫ કલાકે આ સંમેલન કાનમ્ પાર્ટી પ્લોટ કુડાસણ ખાતે યોજાશે.

૮ વર્ષમાં સુશાસન અને ગરીબ કલ્યાણ ક્ષેત્રે કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની વિસ્તૃત જાણકારી તેમજ આગામી દિવસોમાં તેની અસરો વિશે કેન્દ્રીય મંત્રી વિગતો રજુ કરશે.

# ૨૦૧૪ થી અત્યાર સુધી કેટલા વૃક્ષોનું વાવેતર થયું, વિગતવાર અહેવાલ માંગતા અમીત શાહ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વર્ષ-૨૦૧૪ પછી વૃક્ષોના થયેલા વાવેતર અને હાલ તેની સ્થિતિ અંગે કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહે વિગતવાર અહેવાલ માંગતા વન વિભાગ હરકતમાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરનો ગ્રીનસીટીનું બિરૂદ પાછુ મળે તે માટે હવે રાજકીય ઈચ્છા શક્તિ ધીમી ગતિએ મજબુત બની રહી છે. ગાંધીનગર મનપાએ મિલીયન ટ્રી ના લક્ષ્યાંક સાથે આ વર્ષે આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરની આગવી ઓળખ અને આદર્શ સંસદીય મત વિસ્તાર તેમનો બની રહે તે માટે કેન્દ્રીય ગૃહમંત્રીએ હાઈવેથી ગાંધીનગરની બન્ને સાઈડ વૃક્ષારોપણની કેટલી શક્યતાઓ છે તે અંગે તેમજ શહેરમાં અને અન્ય વિસ્તારોમાં પણ કેટલા વૃક્ષોનું વાવેતર થઈ શકે એમ છે તેનો અંદાજ પણ માંગ્યો છે.

તેમણે આ મુદ્દે હાઈવે ઓથોરીટી સાથે પણ પરામર્શ કરવા અને વૃક્ષારોપણ વિસ્તાર બનાવવાનો રોડમેપ તૈયાર કરવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં વૃક્ષોની કટૌતી થઈ અને જે અહેવાલો અખબારોના પાને ચમક્યા પછી તેમણે રી-ટ્રાન્સ પ્લાન્ટ કરાયેલા વૃક્ષોની પણ હાલ શું સ્થિતિ છે તેની પણ વિગતો માંગી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૮માં યુવાન મનાલીથી પરત ફર્યા બાદ કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયો છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે. જો કે છેલ્લા બે મહિનામાં નવા નોંધાયેલા કોરોનાના કેસોમાં હળવા લક્ષણો જણાયા છે અને હોસ્પિટલાઈઝેશનનો દર સૌથી ઓછો રહેતાં તંત્રને થોડીક રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો કેસ સે-૨૮માંથી મળ્યો છે. સે-૨૮માં છેલ્લા ૧૦ દિવસમાં જ આ ત્રીજો કેસ મળ્યો હોવાથી તંત્રની ચિંતા જરૂર વધી છે.

સે-૨૯માં ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બાળકોનો રિર્ષાસન સાથે વૃક્ષ પ્રેમ છલકાયો



બાળકો ઉનાળુ વેકેશનને પુરેપુરૂ માણી રહ્યા છે. અવનવી પ્રવૃત્તિઓ કરીને બાળકો તેમના સમયનો ઉપયોગ કરી રહ્યા છે. શ્રીમંતો અને મધ્યમ વર્ગીય પરિવારના બાળકોને વેકેશન એટલે હરવા-ફરવાનો અને વિવિધ જાતના હોબી ક્લાસિસ કરવાનો સમય પરંતુ શ્રમજીવીઓના બાળકો માટે તો વેકેશનનો સમયગાળો એટલે મોજ, મોજ અને મોજ... અલગારી રખડપટ્ટી અને મનમાં આવે તેવી પ્રવૃત્તિઓ કરવાનો સમય. સેક્ટર-૧૯માં રહેતા શ્રમજીવી પરિવારના બાળકો વન વિભાગે ઉછરેલા વૃક્ષોની આસપાસ અવનવી રમતો રમીને સમય પસાર કરે છે. ક્યાંકથી જોઈને શિર્ષાસન શિખનાર આ બાળકો વૃક્ષનો ટેકો લઈ શિર્ષાસન અને અન્ય આસનો કરી રહ્યા છે. વૃક્ષ પ્રત્યેનો લગાવ અહીં છતો થાય છે.

# જિલ્લામાં રાજકીય ધમધમાટ

## જિલ્લાની પાંચેય બેઠકો પર ભાજપ-કોંગ્રેસ-આપ કાર્યકરોને પલોટવાની કામગીરી કરી રહેલ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠકો પર ભાજપ તેનો કેસરીયો લ્હેરાવવા માટે તેના કાર્યકરોને હાલ પરિશ્રમ કરી અને પલોટવામાં વ્યસ્ત બન્યો હોઈ જિલ્લાના રાજકીય વાતાવરણમાં થોડીક ગરમી જોવા મળી રહી છે.

કોંગ્રેસ પક્ષે પણ શહેર-જિલ્લાની કારોબારીની સંયુક્ત બેઠક કરી અને પેજ-સમિતિઓની રચનાને લઈ કાર્યકરોને જાગૃત કરી સંપર્ક અભિયાન આરંભવાની સૂચના આપી છે.

તો ત્રીજી તરફ આજે ગાંધીનગર (ઉ) વિધાનસભા વિસ્તારમાં આમ આદમી પાર્ટીની પરિવર્તન યાત્રા આવી છે. આમ વિધાનસભાની ચૂંટણીને લઈ તેની તૈયારીઓને લઈ રાજકીય માહોલ ગરમાયો છે.

જિલ્લામાં હાલ ભાજપના વિશ્લેષકોનો પ્રવાસ પૂર્ણ થયો છે. આ વિશ્લેષકો જિલ્લાની વિવિધ જાતિ ધર્મના લોકોને મળ્યા છે. આ વિશ્લેષકોએ જિલ્લામાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને શોધી તેમને થયેલા ફાયદા વિગેરે અંગે જાણકારી મેળવી છે.

રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે આ વિશ્લેષકોએ સંગઠન તેમજ ચૂંટાયેલા સભ્યોનું રિપોર્ટ કાર્ડ પણ તૈયાર કર્યુ છે. ચૂંટાયેલી પાંખ અને સંગઠન વચ્ચે ક્યાં ક્યાં સંકલનનો અભાવ જોવા મળ્યો છે તેની વિગતો પણ મેળવી છે. આ વિશ્લેષકોએ સરકારી યોજનાના સરળીકરણ માટે શું કરવું જોઈએ તેની જાણકારી મેળવી છે એટલું જ નહિ ખાસ કરીને આરોગ્ય સેવાઓના સઘનીકરણમાં ક્યાં ત્રુટીઓ છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે.

વિશ્લેષકોએ ચૂંટાયેલી પાંખ અને સંગઠનના આગેવાનો વિસ્તારની મુલાકાતે આવે છે, તે નિયમિત છે કે પ્રસંગોએ આવે છે તેને લઈ પણ પૃચ્છાઓ કરી હોવાનું અને તંત્ર સાથે લોકોના પ્રશ્નો અંગે સંકલન રહે છે કે કેમ તેની પણ વિગતો એકત્ર કરી છે.

કોંગ્રેસ તેની રાજકીય વ્યુહરચનાને ધીમી ગતિએ આગળ વધારી રહેલ છે. જો કે તેણે પણ પાંચેય બેઠકો પર તેના નિરીક્ષકોની નિયુક્તી કરી દીધી છે. આ નીરીક્ષકો હાલ તો માત્ર સંપર્કો સ્થાપિત કરી રહ્યા છે પરંતુ જેમ જેમ દિવસો ચૂંટણીના નજીક આવશે એટલે તેમની સક્રિયતા વધારશે.

આમ આદમી પાર્ટી ગાંધીનગર મનપામાં મળેલા પ્રતિસાદ પછી ગાંધીનગર (ઉ) સહિતની બેઠકો પર તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ગાંધીનગર (ઉ)માં તેની પરિવર્તન યાત્રા યોજી અને ચૂંટણીમાં તેને પોતાનો પગ રહેશે તેવો સંદેશો આપ્યો છે.

**અને છેલ્લે**

ભાજપ દ્વારા આગામી ૧૧-૧૨-૧૩ ના રોજ જિલ્લાના જ કાર્યકરોને અન્ય તાલુકાઓમાં વિસ્તારક તરીકે મોકલશે. આ ઉપરાંત આજથી મંડલ વાઈઝ સભ્ય નોંધણી ઝુંબેશ સઘન બનાવશે.

ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે કે દરેક બુથ દીઠ ઓછામાં ઓછા ૧૫૦ સભ્યો બનાવવા જેથી વિપક્ષને મત મેળવવામાં જ મુશ્કેલી પડે અને આપણે ૧૮૨ના લક્ષ્યાંક પર આસાનીથી પહોંચીએ.

### ગાંધીનગર શહેરને હવે બે ધારાસભ્યો મળશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરને હવે બે ધારાસભ્યો વિધાનસભાની ચૂંટણીમાં મળશે. ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણયને પગલે હવે ગાંધીનગર શહેરને બે ધારાસભ્યો મળશે. ગાંધીનગર(ઉ) અને ગાંધીનગર(દ) એમ બે ધારાસભ્યો મળશે.

ગાંધીનગર શહેરની હદ વધતાં ગાંધીનગર(દ)ના ૧૨ જેટલા ગામો શહેરમાં સમાવવામાં આવ્યા છે. આને કારણે હવે શહેરનો વિકાસ વેગીલો થશે તેવી વાત પણ રાજકારણમાં શરૂ થઈ છે. જો કે તે વાત તો આવનારો સમય જ કહી શકશે.

# જાણિતા કલાકાર ભાવિન પટેલના માતુશ્રી સરોજબાનું નિધન

ગાંધીનગર, તા. ૫

શહેરની જાણિતી કલા સંસ્થા પનઘટના અધ્યક્ષ અને કલ્ચરલ ફોરમના યુવા અગ્રણી ભાવિન પટેલના માતુશ્રી સરોજબાનું ટુંકી માંદગીમાં સારવાર દરમ્યાન રવિવારે વહેલી સવારે અવસાન થયું હતું.



સ્વર્ગસ્થ સરોજબા ધાર્મિક અને પરગજુ સ્વભાવ ધરાવતા હતા.

સદ્ગતની અંતિમયાત્રામાં શહેરના અગ્રણીઓ, કલાકારો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. મુક્તિધામ ખાતે સદ્ગતના અંતિમ સંસ્કાર સ્વજનોની હાજરીમાં પુત્ર ભાવિન પટેલ અને પૌત્ર સૌમ્ય પટેલે કર્યા હતા. સદ્ગતનું બેસણું ૧૨મી જુનને રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાન સેક્ટર-૨૭ રંગમંચ ખાતે રાખેલ છે.

# માર્ગ મકાન વિભાગની આલેખન શાખામાં ડ્રોઈંગ નકશા સમયસર મંજુર ન થતા કામો પર વિપરિત અસર

## માર્ગ મકાન વિભાગની આલેખન શાખામાંથી ડ્રોઇંગ અને ફાઇલો બહાર ન આવતા હોવાની ફરિયાદો : વિભાગના ઉચ્ચ અધિકારીએ લાંબા સમયથી ચાર્જમાં રહેલા ઓફિસર સામે જ ફરિયાદ ઉઠાવી હોવાની હોવાની પણ ચર્ચા

ગાંધીનગર તા ૫

કોરોના કાળમાં લાંબા સમય સુધી વિવિધ યોજનાઓના કામ માટે મોટુ નડતર ઉભુ થયુ હતુ જેના લીધે વિકાસના વિવિધ પ્રોજેકટ પર માંઠી અસર વર્તાઈ રહી છે. કોરોના અને કવોરી ઉદ્યોગની હડતાળના અંતે પણ હજુ વિવિધ પ્રોજેકટસ અટવાયેલા છે. માર્ગ મકાન વિભાગની આલેખન શાખામાંથી પણ ડ્રોઈંગ અને ફાઈલો સમયસર બહાર ન આવતા હોવાનો રોષ છેલ્લા કેટલાક સમયથી પ્રબળ બન્યો છે. જયારે આ મામલે વિભાગના ઉચ્ચ અધિકારી દ્વારા જ સરકારમાં ફરિયાદ કરવામાં આવી હોવાનો મુદ્દો વિભાગના વર્તુળમાં ચર્ચાનો વિષય બન્યો છે.

કોરોના કાળમાં લાંબા સમય સુધી વિકાસ કામો ઠપ્પ થઈ જતા રાજયમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેકટોને વિપરિત અસર થઈ છે. જયારે કોરોનાના અંતે ક્વોરી ઉદ્યોગ અને કોન્ટ્રાકટરોની હડતાલના લીધે પણ કામગીરી પ્રભાવિત થઈ છે. ક્વોરી ઉદ્યોગની હડતાળના અંતે છેલ્લા કેટલાક સમયથી ધીમે ધીમે કામો માંડ શરૂ થયા છે. પરંતુ હજુ ગાંધીનગર સહીતના વિસ્તારમાં વિકાસ કામોએ ગતિ પકડી ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. અલબત્ત શહેરમાં પણ અનેક પ્રોજેકટનુ કામ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. બીજીતરફ માર્ગ મકાન વિભાગની આલેખન કચેરીમાંથી પણ વિવિધ કામોને અનુલક્ષી ડ્રોઈંગ નકશા મંજુર કરવાની કાર્યવાહી જાણે ઠપ્પ થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. વિભાગના એક અધિકારીની મનસ્વી કાર્યપધ્ધતિના લીધે ફાઈલોનો પણ ઝડપથી નિકાલ ન આવતો હોવાનો ગણગણાટ રોષનુ કારણ બન્યો છે. જયારે ઉપરી અધિકારીની સુચનાની પણ અવગણના થતી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આ મામલે માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીએ સેક્રેટરીને પત્ર લખી જવાબદાર અધિકારીની આ વર્તણુંક તેમજ કાર્યપદ્ધિત સામે ત્વરિત પગલા લેવા પણ સુચવ્યુ હોવાનુ પણ ચર્ચાસ્થાને છે. વિધાનસભાની ચુંટણીના આડે હવે માંડ છ મહીના જેટલો સમય પણ પુરો રહ્યો નથી. ત્યારે સરકાર કક્ષાએથી પણ સ્વાભાવિક રીતે જ નાની મોટી જાહેર યોજનાઓનુ કામ સમયસર પુર્ણ કરવા માટે પ્રયાસો કરવામાં આવતા હોય છે. સમયાંતરે યોજાતી સમીક્ષા બેઠકોમાં પણ બાંધકામ સહીતની યોજનાઓના કામ સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ પાસે હીસાબ માંગવામાં આવી રહ્યા છે. વિકાસ કામોની યોજનાઓ ઝડપથી આગળ ન વધતા કેટલાક કિસ્સામાં ઉચ્ચ અધિકારીઓ પણ થાકયા છે. માર્ગ મકાન વિભાગની આલેખન શાખામાં લાંબા સમયથી ચાર્જમાં

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com